# અકસ્માતના ત્રણ જુદા જુદા બનાવમાં ૩ યુવાનોના મોત

## હાઈવે પર આગનો કહેર: ઈકો ચાલકનું કરુણ મોત

(પ્રતિનિધિ) સાવલી, તા.10

સાવલી તાલુકાના પોઈચા નજીક અમદાવાદ-વડોદરા હાઈવે પર મંગળવારે સાંજના સમયે ગંભીર માર્ગ અકસ્માત સર્જાતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર ઈકો કાર આગળ ચાલતી પીકઅપ વાન ની પાછળ ધડાકા ભેર ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે ટક્કર વાગ્યા પછી ઈકો માં આગ ભભૂકી ઊઠી હતી. આગ ઝડપથી ફેલાતા ઈકો કારના ચાલકને બહાર નીકળવાનો મોકો ન મળતાં ઘટનાસ્થળે જ જીવતો ભુજાઈ ગયો હતો. આગના કારણે વાહન સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયું હતું. અકસ્માતમાં ઈકો કારમાં સવાર અન્ય પાંચ વ્યક્તિઓ ગંભીર રીતે દાઝી જતાં તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. ઘાયલોની હાલત ગંભીર હોવાનું પ્રાથમિક માહિતીમાં જાણવા મળ્યું હતું ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. આગના કારણે હાઈવે પર થોડા સમય માટે વાહન વ્યવહાર પણ પ્રભાવિત થયો હતો. અકસ્માતની જાણ થતાં ભાદરવા



પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની તેમજ ઘાયલોના નિવેદન મેળવવાની કાર્યવાહી હાથ ધરી હતી.

## ચારોલા પાસે બાઈક ચાલક યુવાનનું ઘટનાસ્થળે જ મોત

(પ્રતિનિધિ) બોડેલી, તા.10

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નજીક આવેલા ચારોલા ગામ પાસે મંગળવારે વધુ એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. ડમ્પર અને બાઈક વચ્ચે થયેલી ટક્કરમાં બાઈક ચાલક યુવાનનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજતાં વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, બાઈક પર પસાર થઈ રહેલા યુવાનને ડમ્પર ચાલકે અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી ભયાનક હતી કે યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.



અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી. આ અકસ્માતની ઘટના વચ્ચે નોંધનીય બાબત એ છે કે જિલ્લામાં ડમ્પર સાથે જોડાયેલો આ સળંગ બીજા દિવસે જીવલેણ અકસ્માત છે.

## ડભોઈ-વાઘોડિયા માર્ગ પર અકસ્માતમાં એકનું મોત

(પ્રતિનિધિ) ડભોઈ, તા.10

ડભોઈ-વાઘોડિયા માર્ગ પર તરસાના અને વસઈ ગામ વચ્ચે ચાલી રહેલી નાળાની કામગીરી દરમિયાન પૂરતી સાવચેતીના અભાવે વધુ એક જીવલેણ અકસ્માત સર્જાયો છે. માર્ગ પર પડેલી લોખંડની પ્લેટો, એંગલ અને અન્ય સામગ્રી અંગે કોઈ ચેતવણી બોર્ડ કે સુરક્ષા વ્યવસ્થા ન હોવાના કારણે મોટરસાયકલ ચાલકનો અકસ્માત સર્જાતા તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, વાઘોડિયા તાલુકાના અંટોલી ગામે રહેતા સંજયભાઈ પ્રભાતભાઈ વસાવા (ઉ.વ. 40) પોતાની GJ-16-AN-1937 નંબરની હોન્ડા શાઈન મોટરસાયકલ લઈને ડભોઈ આવ્યા હતા. રાત્રિના સમયે તેઓ પોતાના ગામ અંટોલી પરત ફરી રહ્યા હતા. તરસાના ગામનું પાટિયું પસાર કર્યા બાદ બામણીયા નાળા નજીક પહોંચતા માર્ગ પર ચાલી રહેલી નાળાની કામગીરીને કારણે પડેલી લોખંડની પ્લેટો અને અન્ય સામગ્રી સાથે તેમની બાઈક અથડાઈ હતી.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, નાળાનું કામ છેલ્લા કેટલાક સમયથી ચાલુ હોવા છતાં કોન્ટ્રાક્ટર દ્વારા કોઈ ચેતવણી બોર્ડ, રિફ્લેક્ટર કે સુરક્ષા સૂચક નિશાનીઓ મૂકવામાં આવી નહોતી. રાત્રિના અંધકારમાં સંજયભાઈએ વાહન પરનો કાબૂ



ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. અથડામણમાં તેમના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ભારે રક્તસ્ત્રાવ થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.


## સંક્ષિપ્ત સમાચાર

### નરેન્દ્ર મોદીના સતત 12 વર્ષના કાર્યકાળ પુરાથતા બોડેલી ખાતે ભાજપના હોદ્દેદારો દ્વારા ઉજવણી



**બોડેલી** : દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સતત 12 વર્ષના કાર્યકાળ પૂર્ણ થતા અને દેશના સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપનાર વડાપ્રધાન તરીકેનો ઐતિહાસિક રેકોર્ડ સર્જાતા બોડેલી ખાતે ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. બોડેલીના ચાર રસ્તા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મહાનુભાવોની પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પણ કરી કાર્યકરોએ આનંદ વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના 12 વર્ષ પૂર્ણ થતા દેશભરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેના ભાગરૂપે છોટાઉદેપુર જિલ્લા ભાજપ અને બોડેલી નગરપાલિકાના હોદ્દેદારો, કાર્યકરો તેમજ આગેવાનો દ્વારા બોડેલીના ચાર રસ્તા ખાતે વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

### વડોદરા તાલુકાની પદમલા પ્રાથમિક શાળા ખાતે 'સ્વચ્છતા સપ્તાહ અભિયાન'



**વડોદરા** : વડોદરા સહિત રાજ્યભરમાં હાલ 'સ્વચ્છતા સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે સ્વચ્છતા સપ્તાહ અભિયાન અંતર્ગત વડોદરા તાલુકાની પદમલા પ્રાથમિક શાળા ખાતે શાળા પરિવાર દ્વારા "પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણ" વિષય પર વિશેષ જાગૃતિ કાર્યક્રમ અને સઘન સ્વચ્છતા ઝુંબેશનું સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રથમ ચરણમાં શાળાના વિદ્યાર્થીઓ માટે જાગૃતિ સભાનું આયોજન કરાયું હતું. જેમાં ઉપસ્થિત વક્તાઓ અને શિક્ષકો દ્વારા દિન-પ્રતિદિન વધતા પ્લાસ્ટિકના ઉપયોગ સામે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને સિંગલ યુઝ પ્લાસ્ટિકના કારણે પર્યાવરણ, મૂંગા પશુ-પક્ષીઓ અને માનવ સ્વાસ્થ્ય પર થતી દૂષિત અસરો વિશે વિસ્તૃત સરકારી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ સાથે જ, પ્લાસ્ટિકના સક્ષમ વિકલ્પ તરીકે કપડાની થેલી અને અન્ય પર્યાવરણમિત્ર વસ્તુઓનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરવા સાર્વત્રિક અપીલ કરવામાં આવી હતી. જાગૃતિ સભા બાદ દ્વિતીય ચરણમાં, શાળાના ઉત્સાહી વિદ્યાર્થીઓ અને સમગ્ર શિક્ષકગણ દ્વારા પ્રેરણાદાયી શ્રમદાન કરવામાં આવ્યું હતું.

### વડોદરા જિલ્લામાં જળાશયો, ખુલ્લા પ્લોટ, નદી-નાળાની સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ



**વડોદરા** : વડોદરા જિલ્લામાં ચાલી રહેલા 'સ્વચ્છતા સપ્તાહ અભિયાન' અંતર્ગત આજે ત્રીજા દિવસે જિલ્લાના વિવિધ ગામડાઓમાં સઘન સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા ખુલ્લા પ્લોટ, હેન્ડ પંપ, નદી, તળાવ અને નાળાની સાફસફાઈની કામગીરી વ્યાપક સ્વરૂપમાં કરવામાં આવી હતી. ખાસ કરીને ગામના તળાવો, જળાશયો અને તેની આજુબાજુના વિસ્તારોમાં વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરીને પર્યાવરણ જાળવણીનો ઉત્તમ સંદેશ આપવામાં આવ્યો હતો. આ સફાઈ મહાઅભિયાનમાં સૌએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લઈને જનભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. શ્રમદાન થકી તળાવ અને જળાશયોની આસપાસ એકત્ર થયેલો પ્લાસ્ટિકનો કચરો, ઘન કચરો તેમજ અન્ય ગંદકી દૂર કરી સમગ્ર વિસ્તારને સ્વચ્છ બનાવવામાં આવ્યો હતો. સફાઈ કામગીરીની સાથે સાથે ગ્રામજનોને જળાશયો સ્વચ્છ રાખવા, તેમાં કોઈપણ પ્રકારનો કચરો ન ફેંકવા અને કાયમી ધોરણે સ્વચ્છતા જાળવી રાખવા અંગે વિસ્તૃત સમજણ આપીને જાગૃત કરવામાં આવ્યા હતા.

### વાલિયા AMPCમાં યોગેન્દ્રસિંહ મહીડા ચેરમેનપદે, પ્રવિણસિંહ સુરતીયા વાઈસ ચેરમેનપદે આરૂઢ



**પાદરા** : વાલિયા APMC કચેરીમાં ગુરુવારે જિલ્લા રજિસ્ટ્રાર પરેશભાઈ બી. કણકોટીયાના અધ્યક્ષસ્થાને પ્રમુખ અને ઉપપ્રમુખ પદની ચૂંટણી માટે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ખેડૂતનાં હામી એવા યોગેન્દ્રસિંહ જશવંતસિંહ મહીડાના નામની ચેરમેનપદે એકમાત્ર દરખાસ્ત આવતાં તેમને સતત બીજી ટર્મ માટે બિનહરીફ ચેરમેન તરીકે જાહેર કરવામાં આવ્યા. નવનિયુક્ત ચેરમેન યોગેન્દ્રસિંહ મહીડાના અધ્યક્ષપદે વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી. જેમાં પ્રવિણસિંહ મુળજીબાવા સુરતીયાની એકમાત્ર દરખાસ્તને માન્ય રાખી તેમને ઉપપ્રમુખ તરીકે બિનહરીફ જાહેર કરાયા હતા. બંને નેતાઓની ફરીવાર પસંદગી થતાં સમર્થકોએ તેમને ભરપૂર વધાવી લીધા હતા.

## પાદરાના કુરાલ ગામમાં વિકાસકામોમાં ઉચાપતની શંકા

# કુરાલ ગ્રામ પંચાયતમાં ૪ લાખના કામોમાં ગેરરીતિનો આક્ષેપ

(પ્રતિનિધિ) પાદરા, તા.10

પાદરા તાલુકાના કુરાલ ગામમાં ગ્રામ પંચાયતના વિકાસકામો અને સરકારી નાણાંના વહીવટ અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ગામના હર્ષદભાઈ રાવજીભાઈ પટેલે લેખિત રજૂઆત કરીને આક્ષેપ કર્યો છે કે ગામમાં આશરે રૂ. 4 લાખ 2 હજારના ખર્ચના કામો નિયમસર કરવામાં આવ્યા નથી અને સરકારી અધિકારીઓ તથા વહીવટી કર્મચારીઓની મિલીભગતથી નાણાંની ઉચાપત કરવામાં આવી હોવાની શંકા છે. હર્ષદભાઈ પટેલના જણાવ્યા મુજબ તેમણે આ મામલે વીડિયો અને અન્ય આધાર-પુરાવા સાથે સંબંધિત અધિકારીઓ સમક્ષ



લેખિત રજૂઆત કરી હતી. જોકે, તપાસ દરમિયાન સંબંધિત કામોના જરૂરી દસ્તાવેજો અને રેકોર્ડ ગ્રામ પંચાયત કચેરીમાં ઉપલબ્ધ ન હોવાનું જાણવા મળ્યું હતું. ગ્રામજનોના જણાવ્યા અનુસાર સરકારી રેકોર્ડ ગુમ થયેલા હોવાથી અનેક વહીવટી અને કાયદાકીય મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે.

આક્ષેપ મુજબ તા. 5 જૂન, 2026ના રોજ યોજાયેલી ગ્રામસભામાં પણ સંબંધિત રેકોર્ડ ઉપલબ્ધ ન હોવાનું તલાટી દ્વારા જણાવાયું હતું. માહિતી મેળવવા માટે અરજદારે માહિતી અધિકાર અધિનિયમ (RTI) હેઠળ અરજી કરી હતી, પરંતુ યોગ્ય માહિતી ન મળતા પ્રથમ અપીલ કરવામાં આવી હતી. પ્રથમ અપીલ અધિકારી દ્વારા માહિતી આપવા હુકમ કરાયા બાદ પણ માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી ન હોવાનું જણાવાયું છે. ત્યારબાદ અરજદારે બીજી અપીલ ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ દાખલ કરી હતી. માહિતી આયોગ દ્વારા પણ જરૂરી માહિતી આપવા હુકમ કરવામાં આવ્યો હોવા છતાં આજદિન સુધી માહિતી આપવામાં આવી નથી.

# અત્રોલીગામેથી રૂ.૭.૩૫ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.10

છોટાઉદેપુર જિલ્લામાં દારૂબંધીના કડક અમલ અંતર્ગત રંગપુર પોલીસે મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરી અત્રોલી ગામ નજીકથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂ સાથે એક સ્વિફ્ટ કાર મળી કુલ રૂ. 7,35,213નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ રંગપુર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે અત્રોલી ગામ તરફથી સ્વિફ્ટ કાર (નંબર GJ-06-KH-4453) માં વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે નાકાબંધી ગોઠવી



વાહનને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસને જોઈ કાર ચાલક વાહન સ્થળ પર મૂકીને ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ પંચોની હાજરીમાં વાહનની તપાસ કરતા અંદરથી વિવિધ બ્રાન્ડના ભારતીય બનાવટના વિદેશી દારૂના ક્વાર્ટર તથા બિયરના ટીન મળી કુલ 1,225 નંગ દારૂની બોટલો અને ટીન મળી આવ્યા હતા. ઝડપાયેલા દારૂની કિંમત રૂ. 4,35,213 હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાંત કારની કિંમત રૂ. 3,00,000 ગણતા કુલ રૂ. 7,35,213નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

## આશરે ૯ લાખ મીટર સુટિંગ ફેબ્રિકનો સપ્લાય કરશે વારવી ગ્લોબલ

**વડોદરા:** ડેનિમ, નોન-ડેનિમ, શર્ટિંગ અને સુટિંગ ફેબ્રિકના ઉત્પાદનમાં કાર્યરત ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ કંપની વારવી ગ્લોબલ લિમિટેડને આશરે 120.8 મિલિયન (રૂ. 12.08 કરોડ)ના મૂલ્યનો મહત્વપૂર્ણ પરચેઝ ઓર્ડર મળ્યો છે. આ ઓર્ડર અંતર્ગત કંપની આશરે 9 લાખ મીટર સુટિંગ ફેબ્રિકનો સપ્લાય કરશે, જે વેલ્યુ-એડેડ ટેક્સટાઈલ સેગમેન્ટમાં કંપનીની વધતી હાજરીને દર્શાવે છે. કંપની દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આ ઓર્ડર આગામી ત્રણ મહિનામાં પૂર્ણ કરવામાં આવશે. ઓર્ડર મળવાથી કંપનીની ઓર્ડર બુક વધુ મજબૂત બની છે અને આવકમાં વધારો થવાની સંભાવના ઊભી થઈ છે.

## ફતેપુરા ખાતે શુધ્ધ પીવાના પાણીના પ્લાન્ટનો લોકાર્પણ ધારાસભ્યે કર્યુ

**વડોદરા:** રાજ્ય સરકાર દ્વારા રાજ્યની તમામ નગરપાલિકા વિસ્તારના શહીરેજનોની સુખાકારી માટે અનેક ગ્રાન્ટો ફાળવવામાં આવે છે, જેના અંતર્ગત છોટાઉદેપુર નગરપાલિકાને પણ અનેક ગ્રાન્ટો ફાળવવામાં આવી છે, રાજ્ય સરકાર દ્વારા શહેરીજનોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તેના માટે ઈલેક્ટ્રો ક્લોરીનેશન પ્લાન્ટ માટે 25 લાખ ઉપરાંતની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, ટૂંક સમયમાં ચોમાસાની પધરામણી થવા જઈ રહી છે, ત્યારે ચોમાસામાં નગરના શહેરીજનોને પીવાના પાણી માટે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, ચોમાસા દરમિયાન નગરજનોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તેના માટે છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા ચોમાસા પહેલા જ યુદ્ધના ધોરણે ઈલેક્ટ્રો ક્લોરિનેશન પ્લાનનું કામકાજ પૂર્ણ કરવામાં આવી.

## રેતી લીઝ અને સ્ટોક યાર્ડ માલિકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા તાકીદ

# પાવીજેતપુર પોલીસ સ્ટેશન ખાતે રેતી લીઝ અને સ્ટોક યાર્ડ માલિકો સાથે બેઠક યોજાઈ

**પાવીજેતપુર** થી બોડેલી હાઇવે પર માર્ગ અકસ્માતો વધુ થતા પોલીસનું મહત્વ પૂર્ણ પગલું

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.10

પાવીજેતપુર પોલીસ સ્ટેશન ખાતે આજરોજ રેતી લીઝ માલિકો તેમજ સ્ટોક યાર્ડ માલિકો સાથે મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકનો મુખ્ય હેતુ ડમ્પર વાહનોના સંચાલનમાં માર્ગ સલામતીના નિયમોનું કડક પાલન થાય તે અંગે પાવીજેતપુર પોલીસ ઈન્સ્પેક્ટર એલ પી રાણા દ્વારા



કડક સૂચનાઓ આપવામાં આવી.

બેઠક દરમિયાન ડમ્પર માલિકો અને સંચાલકોને સૂચના આપવામાં આવી હતી કે તમામ ડમ્પર ચાલકો ટ્રાફિક નિયમોનું પાલન કરે, ઓવર સ્પીડમાં વાહન ન હંકારે તેમજ વાહનમાં ક્ષમતા કરતાં વધુ ભાર (ઓવરલોડ) ન ભરે. બેદરકારીપૂર્વક વાહન હંકારવાના કારણે અકસ્માતોની સંભાવના વધે છે, જેના પરિણામે નિર્દોષ લોકોના જીવ જોખમમાં મુકાઈ શકે છે. પોલીસ દ્વારા ખાસ ભારપૂર્વક જણાવવામાં આવ્યું કે માર્ગ અકસ્માતોને અટકાવવા અને માનવજીવનની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ વાહનચાલકોએ જવાબદારીપૂર્વક વાહન ચલાવવું જરૂરી છે. અકસ્માતોના બનાવોમાં ઘટાડો થાય અને કોઈપણ વ્યક્તિનું મૃત્યુ ન થાય તે હેતુથી આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

# કદવાલ પંથકમાં ગેરકાયદેસર ખનિજ ચોરીનો કાળો કારોબાર

**ઓવરલોડ** રેતી, પથ્થર અને લાકડાંના વાહનો સામે તંત્ર કેમ મૌન?

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.10

છોટાઉદેપુર જિલ્લાના કદવાલ પંથકમાં ગેરકાયદેસર અને ઓવરલોડ રેતી વાહનનો કાળો કારોબાર દિવસેને દિવસે બેફામ બનતો જઈ રહ્યો છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે ઓવરલોડ રેતી, પથ્થર, માટી અને લીલા લાકડાં ભરેલા વાહનો કદવાલ મામલતદાર કચેરીની નજીકથી અને કચેરીની સામેના માર્ગ પરથી જ ખુલ્લેઆમ પસાર થાય છે, છતાં જવાબદાર તંત્ર દ્વારા આવા વાહનો સામે કોઈ અસરકારક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવતી નથી. જેના



કારણે સમગ્ર વિસ્તારમાં અનેક સવાલો અને શંકાઓ ઊભી થઈ રહી છે.

સ્થાનિક લોકોમાં ઉઠી રહેલી લોકબૂમ અનુસાર છેલ્લા ઘણા સમયથી કદવાલ મામલતદાર કચેરી દ્વારા ઓવરલોડ તેમજ ગેરકાયદેસર ખનિજ વહન કરતા વાહનો સામે કોઈ નોંધપાત્ર કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે લોકોમાં એવી ચર્ચાઓ જોર પકડી રહી છે કે આખરે આવા વાહનોને કોનું રક્ષણ મળી રહ્યું છે?

# સાંઢા ગામે બાવળની ડાળ કાપવાના મુદ્દે બે પક્ષ વચ્ચે મારામારી

**વાડિયાવગા** વિસ્તારમાં થયેલી મારામારી મામલે પોલીસ તપાસ શરૂ

(પ્રતિનિધિ) પાદરા, તા.10

પાદરા તાલુકાના સાંઢા ગામના વાડિયાવગા વિસ્તારમાં બાવળની ડાળ કાપવાના મુદ્દે થયેલી બોલાચાલી ઉગ્ર બનતા બે પક્ષ વચ્ચે મારામારી સર્જાઈ હતી. ઘટનાને લઈને બંને પક્ષોએ એકબીજા સામે ફરિયાદ નોંધાવતા વડુ પોલીસે સામસામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

પોલીસના જણાવ્યા મુજબ, વીજલાઈન પર પડેલી બાવળની ડાળ કાપવાના મુદ્દે પરમાર અને ગોહિલ પરિવાર વચ્ચે તકરાર થઈ હતી. ઝઘડા દરમિયાન બંને પક્ષોએ એકબીજા પર મારામારી, ગાળાગાળી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાના આક્ષેપો કર્યા છે. એક ફરિયાદમાં રવિન્દ્રભાઈ પ્રભાતભાઈ પરમાર દ્વારા જશોદાબેન, સુરેશભાઈ અને દિલીપભાઈ ગોહિલ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેમાં પત્ની સાથે બોલાચાલી, ધક્કામુક્કી, મારામારી તથા ધમકી આપ્યાના આક્ષેપ કરવામાં આવ્યા છે.

જ્યારે બીજી તરફ સુરેશભાઈ ગુલાબભાઈ ગોહિલ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં રવિન્દ્રભાઈ પરમાર અને સવિતાબેન પરમાર સામે તેમની માતા જશોદાબેનને ધક્કો મારી કાંટાની વાડમાં પાડી દેવા, મારામારી કરવા અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાના આક્ષેપો કરવામાં આવ્યા છે. આ બનાવ ગત રોજ સાંજે સાંઢા ગામના વાડિયાવગા વિસ્તારમાં બન્યો હતો.

# અકસ્માતો અટકાવવા પાવીજેતપુર પોલીસ મેદાને

**હાઇવે** પર અકસ્માત ઘટાડવા પોલીસનું જાગૃતિ અને ચેકિંગ અભિયાન

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.10

પાવીજેતપુરમાંથી પસાર થતા નેશનલ હાઈવે-56 પર વધતા માર્ગ અકસ્માતોને અટકાવવા અને વાહનચાલકોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી પાવીજેતપુર પોલીસ દ્વારા વિશેષ વાહન ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન વાહનોની સઘન તપાસ સાથે માર્ગ સલામતી અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. અભિપ્રાય લેખ ચેકિંગ દરમિયાન વાહનચાલકોના લાઈસન્સ, આર.સી. બુક, ઈન્શ્યોરન્સ સહિત



જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. સાથે જ વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા, ઓવર સ્પીડથી વાહન ન ચલાવવા, સીટ બેલ્ટ અને હેલ્મેટનો ફરજિયાત ઉપયોગ કરવા અંગે સમજણ આપી હતી.

ખાસ કરીને રેતી ભરેલા હાઈવા ડમ્પર અને ભારે વાહનોના ચાલકોને બેદરકારીપૂર્વક વાહન ન હાંકવા તથા ગતિ મર્યાદાનું પાલન કરવા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. પોલીસ દ્વારા જણાવાયું હતું કે માર્ગ સલામતી માત્ર તંત્રની નહીં પરંતુ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે.

# ડેસર તાલુકામાં ચકચાર મચાવનાર હત્યા કેસમાં ૯ આરોપીઓ ઝડપાયા

**ધર્મેશ પરમાર**ની હત્યામાં ચાર પુરુષ અને પાંચ મહિલા આરોપીઓ પોલીસ કસ્ટડીમાં

(પ્રતિનિધિ) ડેસર, તા.10

ડેસર થી વાલાવાવ માર્ગ પર તા ૬ જૂન ના રોજ ખાડામાં યુવાનનો મૃતદેહ મળ્યો હતો ગણતરીના કલાકો માં મરનાર યુવાનની ઓળખ થઈ હતી તે કેસરાના મુવાડા નો ધર્મેશ નરસિંહભાઈ પરમાર હોવાનું ખુલ્યુ હતું પરિવારજનો એ ડેસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હત્યાની આશંકા વ્યક્ત કરી હતી ફરીયાદ પ્રમાણે પોલીસે જીણવટ ભરી તપાસ કરતા થોડા જ સમયમાં યુવાનની હત્યા થઈ હોવાનું જણાયુ હતું ધર્મેશ પરમાર ના માથામાં કોઈ બોથળ પદાર્થ વડે હુમલો કરાતા તેનું મોત નીપજ્યું હોવાનું પ્રથમ રિપોર્ટમાં સાબિત થયું હતું રાત્રે થયેલા ઝઘડામાં કોણે કોણે શું ભૂમિકા ભજવી હતી તે દિશામાં પોલીસે તપાસ કરીને ગણતરીના કલાકોમાં ૯ આરોપીઓને પોલીસ કસ્ટડીમાં લીધા હતા. (૧) નસરૂદ્દીન ઉર્ફે નસરુભાઇ હરીભાઇ ઉર્ફે હરીસિંહ રાઉલ (૨) સમીરકુમાર નસરુભાઇ રાઉલ (૩) સદામભાઇ ઉર્ફે સદામહૂસેન જીસાબભાઇ રાઉલ(૪) ઈરફાનભાઇ ઉર્ફે સદામ અનવરવભાઇ રાઠોડ અને મહિલા ઓમાં (૫) ગીતાબેન ઉર્ફે મુમતાઝબેન નસરૂદ્દીનભાઇ રાઉલ (૬) કુસુમબેન નસરૂદ્દીન રાઉલ (૭) કરિશ્માબેન સદ્દામહુસેન રાઉલ (૮) રૂકશાનાબેન ઈરફાનભાઇ રાઠોડ (૯) પ્રવિણાબેન ઉર્ફે જેનુબેન મહમદભાઇ રાઉલ, તમામ (રહે ડેસર ગામની સીમમાં સંજરી બેકરી, બાદશા સર્વિસ સ્ટેશનની પાછળ નો સમાવેશ થાય છે.